**નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭.**

**બૌધ્ધિક અસમર્થતતા, ઓટિઝમ દિવ્યાંગતા ક્ષેત્રે ૪૦૦ અંતેવાસીઓની રહેણાંકની સુવિધા સાથે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાની યોજના બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/AWR/e-file/17/2025/3033/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. As per E-sign.

**વંચાણે લીધો:-**

- નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૨૭/૦૨/૨૦૨૬ નો પત્ર નં.DSD/NIT/e-file/226/2025/0957/ Planning Branch.

**આમુખ:-**

દિવ્યાંગજન અધિકાર અધિનિયમ હેઠળ કાર્યરત બિનસરકારી સંસ્થાઓ દ્વારા નાણાંકીય સહાય મેળવવા બાબતે અવારનવાર સરકારશ્રીને રજુઆતો કરવામાં આવતી હોય છે. આવી સંસ્થાઓને મદદરૂપ થવાનો સરકારશ્રીનો હકારાત્મક અભિગમ રહ્યો છે. તેને અનુરૂપ બૌધ્ધિક અસમર્થતતા, ઓટિઝમ દિવ્યાંગતા ક્ષેત્રના દિવ્યાંગોને સુવિધારૂપ સહાય પુરી પાડવાના હેતુસર ૪૦૦ અંતેવાસીઓની રહેણાંકની સુવિધા સાથે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા બાબતે વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં કુલ રૂ.૩.૩૬/- કરોડની નવી બાબતને સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે બૌધ્ધિક અસમર્થતતા, ઓટિઝમ દિવ્યાંગતા ક્ષેત્રના દિવ્યાંગોને સુવિધારૂપ સહાય પુરી પાડવાના હેતુસર ૪૦૦ અંતેવાસીઓની રહેણાંકની સુવિધા સાથે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાની વર્ષ ૨૦૨૬-૨૭ની કુલ રૂ.૩.૩૬/- કરોડની નવી બાબતને નીચેની વિગતો/શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

1. સંસ્થાની પસંદગી નીચે દર્શાવેલ શરતો અને ધારા ધોરણોને આધિન નિયમોનુસાર કરવામાં આવશે.
2. નિયામક કક્ષાએથી વર્તમાન પત્રમાં જાહેરાત આપી જિલ્લા સમાજ સુરક્ષાની કચેરીની ભલામણ સહ સંસ્થાઓ પાસેથી દરખાસ્ત મેળવવામાં આવશે. સંસ્થાએ જિલ્લા કક્ષાએ જાહેરાતની તારીખથી ૪૫ દિવસની અંદર જિલ્લા સમાજ સુરક્ષાની કચેરીને દરખાસ્ત રજુ કરવાની રહેશે
3. આ યોજના હેઠળ સંસ્થાને અંતેવાસીઓની સરેરાશને ધ્યાને લઇ અંતેવાસીદીઠ માસિક રૂ.૭૦૦૦/- લેખે ફિક્સ સહાય આપવામાં આવશે.

**ધારા ધોરણ**

સંસ્થા દ્વારા અંતેવાસીઓ માટે સવારની ચા/કોફી/દુધ-નાસ્તો, બપોરનું ભોજન, સાંજના- ચા/કોફી/દુધ-નાસ્તો અને રાતનું ભોજન, તમામ પ્રકારનો ઓફિસ ખર્ચ, સ્ટેશનરી, લાઇટબીલ, ટપાલખર્ચ, વર્ષમાં અંતેવાસીને ૪ જોડી કપડા, ૨-જોડી બુટ, ૨-જોડી ચપ્પલ, ટૂથબ્રશ, સાબુ, કાંસકો, માથામાં નાખવાનું તેલ, સાફ સફાઇ સાધનો, બે જોડી પિલો કવર, ૨-બેડ શીટ અને અંતેવાસીઓની તમામ પ્રકારની જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ, સાધનો વગેરે સેવાઓ પુરી પાડવાની રહેશે. તેમજ સંસ્થા ખાતે અંતેવાસીઓને(દર ૫૦ અંતેવાસીઓની સંખ્યા દીઠ) સારસંભાળ તથા શૈક્ષણિક સુવિધા આપવા માટે નીચે મુજબ લઘુત્તમ સ્ટાફ હોવો જરૂરી છે.

**સંસ્થા ખાતે ઓછામાં ઓછા સ્ટાફની સંખ્યા**

| ક્રમ | સંવર્ગ | સંખ્યા |
|---|---|---|
| ૧ | મદદનીશ શિક્ષક<br>(માન્ય શૈક્ષણિક લાયકાત ધરાવનાર ) | ૩ |
| ૨ | ગૃહપતિ/ગૃહમાતા | ૨ |

| | | |
|---|---|---|
| ૩ | ક્લાર્ક | ૧ |
| ૪ | રસોઇયા | ૨ |
| ૫ | ચોકીદાર | ૨ |
| ૬ | એટેન્ડન્ટ | ૪ |
| ૭ | સ્વીપર | ૧ |
| ૮ | મનોવૈજ્ઞાનિક/ફિઝિયોથેરાપીસ્ટ/ઓક્યુપેશનલ થેરાપીસ્ટ/સ્પીચ થેરાપીસ્ટ<br>(અંતેવાસીઓની જરૂરીયાત પ્રમાણે મિનિમમ ૨)<br>(અઠવાડિયામાં ૩ મુલાકાત ફરજીયાત) | ૨ |
| ૯ | વિઝીટીંગ મેડીકલ ઓફિસર<br>(અઠવાડીયામાં ૧ મુલાકાત ફરજીયાત) | ૧ |
| સંસ્થાના સંચાલન માટે સંસ્થાએ ઉપર મુજબનો સ્ટાફની સેવાઓ ફરજીયાત લેવાની રહેશે. સંસ્થાને તેની જરૂરીયાત પ્રમાણે વધારાના સ્ટાફની સેવાઓ લઈ શકશે. પરંતુ તેના માટે તેને વધારાની સહાય આપવામાં આવશે નહિ અને તેની માંગણી પણ કરી શકશે નહિ. | | |

- સંસ્થાએ અરજી કરવા માટે જરૂરી લાયકાત, મંજુરી મળતા રાખવાની વ્યવસ્થા, ભોજન સહાય કન્ટીજન્સી સહાયની શરતો, સ્ટાફની શરતો, ઓડિટ અને સહાય ફાળવણી, અંતેવાસીઓની પ્રવેશની શરતો વગેરે શરતો આ સાથે સામેલ એનેક્ષર-૧ મુજબ રહેશે. સંસ્થાની પસંદગી માટેની પંસદગી સમિતિનું માળખું નીચે મુજબ રહેશે.

**પસંદગી સમિતિ**

| | |
|---|---|
| અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી : | અધ્યક્ષ |
| નાણા સલાહકારશ્રી (સા.ન્યા.) : | સભ્ય |
| અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી (સ.સુ.) : | સભ્ય |
| દિવ્યાંગ વ્યક્તિઓના કમિશ્નરશ્રી : | સભ્ય |
| નિયામકશ્રી : | સભ્ય સચિવ |

- પંસદગી સમિતિ દ્વારા સંસ્થાની પંસદગી માટે માર્કિંગ પધ્ધતિ નક્કી કરી માર્કિંગ આપી સંસ્થાની પસંદગી સમિતિએ સર્વસંમતિથી કરવાની રહેશે. માર્કિંગ પધ્ધતિ આ સાથે સામેલ એનેક્ષર-૧ મુજબ રહેશે.
- માર્કિંગ પધ્ધતિથી પંસદગી કરેલ સંસ્થાઓને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કામગીરી સોંપવા ઠરાવ કરવામાં આવશે અને તેના આધારે નિયામક કક્ષાએથી અલગ-અલગ સંસ્થાને કામગીરી સોંપવા અંગેના આદેશ કરવામાં આવશે.

**સામાન્ય શરતો:**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી સમાજ સુરક્ષાએ રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ નિયામકશ્રી સમાજ સુરક્ષા, ગાંધીનગર મારફતે કરવાનો રહેશે.

(3) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.

(૬) **C.M Dash Board** સાથે યોજના **Link** કરવાની રહેશે.

(૭) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૮) **Social Audit** અને **Third Party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૯) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૩) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) નાયબ નિયામક/જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અથવા કોઇ પણ નિરિક્ષણ કરનાર અધિકારીશ્રી ધ્વારા સંસ્થાના નિરિક્ષણ દરમ્યાન સંસ્થામાં બેદરકારી/નિષ્કાળજી ધ્યાનમાં આવે તો બેદરકારી/નિષ્કાળજીનુ વિસ્તૃત વર્ણન દર્શાવતો અહેવાલ તૈયાર કરીને, સરકારશ્રીમાં રજુ કરવાનો રહેશે અને તેનો રેકર્ડ રાખવાનો રહેશે.

(૧૮) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર માન.મંત્રીશ્રી (નાણા) ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

E-sign
**(ભૂમિ દેસાઇ)**
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા) નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨,કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૬
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified

Signed by:Bhumi L Desai
Section Officer
Date:2026.07.27
11:51:14 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**એનેક્ષર-૧**

**બૌદ્ધિક અસમર્થતા અને ઓટિઝમ દિવ્યાંગતા ધરાવતા 400 અંતેવાસીઓ માટે રહેણાંક સહ શૈક્ષણિક સંસ્થા પસંદગી માટે વિગતવાર માર્કિંગ પત્રક (કુલ 50 ગુણ)**

| ક્રમ | માપદંડ | વિગત | ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|
| 1 | સંસ્થાનો અનુભવ | 3-5 વર્ષ=2,<br>5-10 વર્ષ=4,<br>10 વર્ષથી વધુ=5 | 5 | |
| 2 | RPwD Act-2016 નોંધણી | માન્ય નોંધણી અને અનુપાલન | 3 | |
| 3 | છેલ્લા 3 વર્ષના ઓડિટ અહેવાલ | સંતોષકારક નાણાકીય સ્થિતિ | 4 | |
| 4 | વાર્ષિક ટર્નઓવર | ₹40 લાખથી વધુ=3 ગુણ | 3 | |
| 5 | પોલીસ ક્લિયરન્સ | કોઈ કેસ/તપાસ બાકી નહીં | 2 | |
| 6 | મકાનની ઉપલબ્ધતા | પોતાનું=4, ભાડાનું=2 | 4 | |
| 7 | સુગમ્યતા સુવિધાઓ | રેમ્પ, રેલિંગ, સુગમ્ય ટોયલેટ, લિફ્ટ વગેરે | 6 | |
| 8 | ભૌતિક સુવિધાઓ | ગ્રાઉન્ડ, મનોરંજન, થેરાપી રૂમ, સાધનો વગેરે | 5 | |
| 9 | સ્ટાફ પેટર્ન | સ્પેશિયલ એજ્યુકેટર, કેરગિવર, થેરાપિસ્ટ વગેરે | 5 | |
| 10 | અંતેવાસી કલ્યાણ વ્યવસ્થા | ભોજન, આરોગ્ય, સુરક્ષા, પુનઃસ્થાપન | 5 | |
| 11 | CCTV અને ફાયર સેફ્ટી | સુરક્ષા વ્યવસ્થા | 3 | |
| 12 | પ્રેઝન્ટેશન અને કાર્યયોજના | પસંદગી સમિતિ સમક્ષ રજૂઆત | 5 | |

કુલ ગુણ : 50

નોંધ: પસંદગી સમિતિ જરૂરિયાત મુજબ ઉપ-માપદંડો નક્કી કરી શકશે તથા ગુણાંકનના આધારે સર્વસંમતિથી સંસ્થાની પસંદગી કરશે.

**સંસ્થાને અરજી માટેની લાયકાત:**


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

- દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ હેઠળ ત્રણ વર્ષ કરતા વધુ સમયથી નોંધણી થયેલ હોવી જોઇશે.
- સંસ્થાનો ત્રણ વર્ષનો ઓડીટ અહેવાલ.
- ત્રણ વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ.
- વાર્ષિક ૪૦ લાખ કે વધુ ટર્નઓવર.
- પોલીસ કેસ કે તપાસ ચાલુ ન હોવા અંગેનું સ્થાનિક પોલીસ સ્ટેશનનું અસલ પ્રમાણપત્ર જોડવું.
- અંતેવાસીને રાખવા માટે સુગમ્ય સુવિધાયુક્ત મકાન પોતાનું કે ભાડાનું.
- દિવ્યાંગતાને અનુરૂપ સુગમ્યતા વાળી સુવિધાઓ જેમ કે પુરતા ટોયલેટ બ્લોક, ગ્રાઉન્ડ, મનોરંજનના સાધનો, દિવ્યાંગતાને અનુરૂપ સાધનો, વિગેરેની સુવિધા હોવી જોઇશે.

**<u>સંસ્થાની પસંદગીની રીત:-</u>**

• જિલ્લા સમાજ સુરક્ષાની કચેરીએ મળેલ દરખાસ્તની ચકાસણી કરી નિરીક્ષણ અહેવાલ સહ ભલામણ સાથે દરખાસ્ત નિયામક સમાજ સુરક્ષાને રજૂ કરવાની રહેશે.

• નિયામક સમાજ સુરક્ષાએ આવેલ દરખાસ્તોને પંસદગી સમિતિને રજૂ કરશે.

• સંબંધિત સંસ્થાએ પસંદગી સમિતિ સમક્ષ પ્રઝેન્ટેશન રજૂ કરવાની રહેશે.

**<u>માન્યતાની શરતો.:-</u>**

- સંસ્થાની ટોચમર્યાદા ૫૦ અંતેવાસીઓની રહેશે.
- સંસ્થાએ જરૂરિયાત મુજબના સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે
- સંસ્થામાં અભ્યાસ કરતા અંતેવાસી માટે ઇમરજેન્સીમાં સારવારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે
- સંસ્થામાં અભ્યાસ કરતા અંતેવાસી માટે જરૂરી એવી કૌશલ્યવર્ધક તાલીમ, વોકેશનલ તાલીમ અને સ્કીલ ડેવલપમેન્ટ અંગેની તાલીમ માટે વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
- સંસ્થાએ સહાય મેળવવા માટે નિયમોનુસારના રજીસ્ટરો નિભાવવાના રહેશે.
- સંસ્થામાં પ્રવેશ માટે અંતેવાસી/લાભાર્થીઓ પાસેથી કોઇપણ પ્રકારની ફી લેવાની રહેશે નહિ.
- સંસ્થાને ત્રણ વર્ષ માટે મંજુરી મળશે. દર ત્રણ વર્ષે માન્યતા રિન્યુ કરવામાં આવશે.
- ત્રણ વર્ષ પુરા થાય તે પહેલા ૬ મહિના અગાઉ પુનઃ જિલ્લા સમાજ સુરક્ષા મારફત દરખાસ્ત કરવાની રહેશે કામગીરી પુનઃ આપવાની થાય તો તે અંગેની મંજુરીનો નિર્ણય નિયામક કક્ષાએથી કરવામાં આવશે.
- નાયબ નિયામક / જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અથવા કોઇ પણ નિરિક્ષણ કરનાર અધિકારીશ્રી દ્વારા નિરિક્ષણ દરમ્યાન સંસ્થામાં બેદરકારી/નિષ્કાળજી ધ્યાનમાં આવશે તો સંસ્થાને આ યોજના હેઠળ મળતી સહાયમાં નિયામક સમાજ સુરક્ષા સહાયમાં ઘટાડો કરી શકશે અથવા સહાય આપવા આપેલ મંજુરી રદ કરી શકશે.
- સંસ્થાએ નિયામક સમાજ સુરક્ષા/જિલ્લા સમાજ સુરક્ષાને માંગ્યા મુજબની માહિતી નિયત ફોર્મેટમાં, નિયત સમયે આપવાની રહેશે.
- સંસ્થાએ કોઇપણ અધિકૃત અધિકારીશ્રી જ્યારે પણ મુલાકાત લે ત્યારે માંગ્યા મુજબનું રેકર્ડ રજુ કરવાનું રહેશે. જો સંસ્થા રજુ ન કરે તો તે અધિકારીશ્રીના અહેવાલના આધારે ૧ મહિનામાં સંસ્થાને સોંપેલ કામગીરી પાછી ખેંચી લેવા આદેશ કરવામાં આવશે અને નવી સંસ્થાની પસંદગી કરવામાં આવે ત્યાં સુધી તે સંસ્થાએ ફરજીયાતપણે તેમાં રહેતા અંતેવાસીને વિનામુલ્યે પોતાના ખર્ચે શિક્ષણ આપવાનો રહેશે.
- સંસ્થાને અંતેવાસીદીઠ મંજુર કરેલ રકમ સિવાય અન્ય કોઇ પણ પ્રકારની સહાય મળવાપાત્ર રહેશે નહિ અને તે બાબતની માંગણી પણ કરી શકાશે નહિ.
- સંસ્થામાં ઓછામાં ઓછા ૨૫ અંતેવાસી હોવા જોઇશે. નિયત કરેલ હાજરીથી ઓછી થાય(સળંગ ૬ મહિના સુધી રજાના દિવસો સિવાય) તો તાત્કાલિક સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે અને સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી તે અંગે અહેવાલ સહ રિપોર્ટ રજુ કરશે અને તેના આધારે નિયામકશ્રી દ્વારા નિર્ણય લેવામાં આવશે.
- સંસ્થા કોઈપણ સંજોગોમાં નિયામકશ્રી સમાજ સુરક્ષાની પૂર્વ મંજૂરી સિવાય સંસ્થાનું સ્થળ બદલી શકશે નહીં
- અંતેવાસી માટે જરૂરી શૈક્ષણિક સુવિધાઓ પરિપૂર્ણ થાય તેટલા ક્ષેત્રફળવાળુ મકાન જરૂરી સુવિધાઓ સાથેનો હોવુ જોઇશે.
- મકાન માલિકીનું હોય કે ભાડાનું પરંતુ તે સ્વચ્છ હવા ઉજાસવાળુ, જે અંતેવાસીઓ માટે સુવિધાપૂર્ણ હોવું જોઇએ.

- સંસ્થાએ અંતેવાસીને જરૂરીયાત પ્રમાણેની સુવિધા આપવાની રહેશે. જે તે દિવ્યાંગતાને અનુરૂપ અંતેવાસીને રાહત થાય તેવા સાધનો વસાવવાના રહેશે તથા સમયાંતરે નવી પધ્ધતિ અને ટેક્નોલોજી સંસ્થા ખાતે વિકસાવી તે મુજબનો લાભ સંસ્થાના લાભાર્થીઓને આપવાનો રહેશે.
- સમાજ સુરક્ષા નિયામક કે રાજ્ય સરકારના કોઇ અધિકારી કે કોઈ તપાસણી અધિકારી કે ઓડીટ અને હિસાબી અધિકારી કે સમાજ સુરક્ષા નિયામકે નિયુક્ત કરેલ બીજા કોઈ અધિકારીની તપાસણી માટે સંસ્થા ખુલ્લી રાખવાની રહેશે.
- સંસ્થાએ દર વર્ષે નિયત નમુનામાં યુટીલાઇજેશન સર્ટિફિકેટ (યુટીસી) હિસાબી અધિકારી, નિયામક સમાજ સુરક્ષાને રજુ કરવાના રહેશે. નિયામક સમાજ સુરક્ષા દ્વારા સહાય ચુકવવામાં ન આવે ત્યાં સુધીના મંજુર થવાપાત્ર તમામ ખર્ચ સંસ્થાએ કરવાના રહેશે. સહાય ચુકવવા માટે બિનજરૂરી પત્ર વ્યવહાર કરવાનો રહેશે નહિ.
- આ યોજનાનું હેતુ આવી પ્રવૃત્તિઓ પરનું ખર્ચ સરકાર સાથે વહેંચી લેવાનો છે અને સરકાર તરફથી મળતી સહાય સિવાય ખર્ચને પહોંચી વળવા સંસ્થાએ ખાનગી દાન કે સાધન દ્વારા નાણા ઉભા કરવાનું સંસ્થા માટે અપેક્ષિત છે.
- સંસ્થા ખાતે ઉપસ્થિત થતી કોઇપણ ફરિયાદ/કોર્ટકેસ બાબતે સંપૂર્ણપણે જવાબદારી સંસ્થાની રહેશે. સરકારની કોઇ જવાબદારી રહેશે નહિ.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને નિયામક સમાજ સુરક્ષા સૂચવે તેવી શરતોનું પાલન કરવાનું રહેશે.
- સંસ્થાએ સંસ્થાના મુખ્ય દરવાજા આગળ નીચે મુજબની વિગતો સાથેનું બોર્ડ ફરજીયાત મુકવાનું રહેશે.

| |
|---|
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળ નિયામકશ્રી સમાજ સુરક્ષા ગાંધીનગર સહાયતા પ્રાપ્ત...... (ટ્રસ્ટનું નામ)........ સંચાલિત ........(દિવ્યાંગતાનો પ્રકાર)....... બાળકોની સંસ્થા |

**સહાયની ચુકવણીની શરતો :-**

- સંસ્થાને અઠવાડીક મેનુ તૈયાર કરવાનું રહેશે અને તે સામાન્યતઃ દેખાય તે રીતે દર્શાવવાનું રહેશે.
- સંસ્થાએ ગુણવત્તાયુક્ત ભોજન આપવાનું રહેશે.
- સંસ્થાને ભોજન/નાસ્તા માટે ડાયેટ રજીસ્ટર નિભાવવાનું રહેશે.
- સંસ્થાએ નિયત સમયે નાસ્તો, ભોજન આપવાનું રહેશે.
- સંસ્થાએ રાખેલ સ્ટાફની માન્ય શૈક્ષણિક અને સંસ્થાકીય લાયકાત ધરાવતો હશે તેવા કિસ્સામાં જ સહાય મળવાપાત્ર થશે.
- સંસ્થા દ્વારા આપવામાં આવતા ભોજનની ગુણવત્તા નાયબ નિયામક / જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અથવા કોઇ પણ નિરિક્ષણ કરનાર અધિકારીશ્રી દ્વારા નિરિક્ષણ સમયે ખામી દેખાશે તો તેઓના અહેવાલના આધારે ઓડીટ સમયે પેનલ્ટી રૂપે કન્ટીજન્સી સહાય કાપવામાં આવશે. વધુ ક્ષતિઓના કિસ્સામાં સંસ્થાની માન્યતા રદ કરવામાં આવશે. જે બાબતે નિયામકશ્રીનો નિર્ણય આખરી રહેશે.
- સ્ટાફની હાજરી માટે નિયમિત હાજરી પત્રક નિભાવવાનું રહેશે. નાયબ નિયામક / જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અથવા કોઇ પણ નિરિક્ષણ કરનાર અધિકારીશ્રીને ચકાસણી માટે રજુ કરવાનો રહેશે.

**સંસ્થામાં અંતેવાસીઓના પ્રવેશની શરતો-:**

- કોઇ અંતેવાસી અમુક કોમ, જ્ઞાતિ, ધર્મનો કે વંશનો છે કે અમુક સ્થળે વસવાટ ધરાવે છે એ જ કારણસર તેને કોઇ માન્ય સંસ્થામાં પ્રવેશની ના પાડી શકાશે નહિ.
- સંસ્થામાં ઉંમરની બાધ વગર અંતેવાસીઓને પ્રવેશ આપવાનો રહેશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ/નિયામકશ્રી/નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીના આદેશથી આવેલ અંતેવાસીઓને ફરજિયાત સંસ્થામાં પ્રવેશ આપવાનો રહેશે.
- સંસ્થામાં બેંચમાર્ક ડિસેબિલીટી અર્થાત ૪૦ % કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા બાળકોને જ પ્રવેશ આપવાનો રહેશે.
- દિવ્યાંગતાના પ્રમાણપત્રના આધારે જ સંસ્થામાં પ્રવેશ આપવાનો રહેશે. જો કોઇ વાલી/માતા-પિતા વગરના લાભાર્થીને કોઇ ત્રીજો વ્યક્તિ દિવ્યાંગતા પ્રમાણપત્ર વગર પ્રવેશ માટે લઇને આવે તો સંસ્થાએ વિવેકાનુસાર પ્રવેશ આપવાનો રહેશે અને પ્રવેશના બે મહિનાની અંદર દિવ્યાંગતા પ્રમાણપત્ર કઢાવી દેવાનું રહેશે.
- દરેક અંતેવાસીની વ્યક્તિગત ફાઇલ નિભાવવાની રહેશે.
- અંતેવાસીઓને સંસ્થામાં પ્રવેશ આપવા માટે કે તેના કન્ટીજન્સી, નિભાવ ખર્ચ માટે સંસ્થા તે અંતેવાસી કે તેના માતા-પિતા કે વાલી પાસેથી

કોઇપણ પ્રકારની ફી વસુલ કરી શકશે નહિ. આ જોગવાઇને સુનિશ્ચિત કરવા માટે સંસ્થાએ પોતાના પ્રવેશ દ્વારે સૌને વાંચી શકાય તેવા સ્થાને નીચેના લખાણવાળું બોર્ડ મુકવાનું રહેશે.

| |
|---|
| **જાહેર સૂચના**<br>આ સંસ્થાને નિયામકશ્રી સમાજ સુરક્ષા તરફથી તેના નિભાવ માટે નિયત કરેલાં ધારાધોરણ અનુસારની સહાય મળે છે; તેથી સંસ્થા દ્વારા તેના લાભાર્થીઓ/બાળકો પાસેથી પ્રવેશ કે નિભાવ માટે કોઇપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. |
| |

**સહાયની ચુકવણી:-**

- સંસ્થાને સહાયની ચુકવણી અંતેવાસીની સરેરાશ હાજરીની સંખ્યાના પ્રમાણમાં રહેશે.
- દર વર્ષે સંબંધિત નાયબ નિયામક / જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીના અહેવાલના આધારે નિયામક, સમાજ સુરક્ષા દ્વારા સહાય આપવામાં આવશે. આ સહાય ચાર હપ્તામાં આપવામાં આવશે. છેલ્લા હપ્તામાં સંસ્થાએ દર વર્ષે આવક-જાવકના હિસાબો, સરકારશ્રી તરફથી મળેલી સહાયની વિગતો સાથે ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડિટ રિપોર્ટ તૈયાર કરીને હિસાબી અધિકારી, નિયામક સમાજ સુરક્ષાને દર વર્ષે મોડામાં મોડું ૩૧મે સુધી નાયબ નિયામક / જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી મારફતે રજુ કર્યા બાદ હિસાબી અધિકારીશ્રી દ્વારા તૈયાર કરેલ ઓડિટ મેમાના આધારે સરભર કરવામાં આવશે.
- સંસ્થાને એડવાન્સ સહાય આપવામાં આવશે નહિ. અર્થાત જે તે વર્ષમાં કરેલ ખર્ચને એના પછીના વર્ષમાં ત્રણ હપ્તામાં જ્યારે ચોથો હપ્તો ઓડીટ બાદ સરભર કરવામાં આવશે.

**ઓડિટરો દ્વારા ઓડિટ કરવા માટેની જોગવાઇઓ:-**

- આ સંસ્થાઓનું ઓડીટ હિસાબી અધિકારીશ્રી, નિયામક સમાજ સુરક્ષા દ્વારા કરવામાં આવશે.
- આ યોજના હેઠળ સંસ્થાને સહાય અંતેવાસીની સરેરાશ હાજરી ગણીને મંજુર કરવાની રહેશે.
- સરેરાશ હાજરી નીચે મુજબ ગણવાની રહેશે.
- ઓડીટ સમયે અંતેવાસીની સરેરાશ હાજરીમાં રજાના(ઉનાળુ વેકેશન, દિવાળી વેકેશન ) દિવસો બાદ કરી સરેરાશ હાજરી ગણવામાં આવશે. વેકેશનમાં પણ અંતેવાસીઓને સંસ્થામાં રાખવાના રહેશે (ફક્ત વાલીની રજા ચિઠ્ઠીથી ઘરે લઇ જવામાં આવેલ અંતેવાસીઓના જ રજાના દિવસો બાદ ગણવાના રહેશે.)
- રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત થયેલા ઓડિટર જ્યારે પણ સંસ્થાના હિસાબો ચકાસવા આવે ત્યારે ઓડિટ સંબંધી સઘળું રેકર્ડ નિયત સમયમાં ઓડિટ ટીમને રજુ કરવાનું રહેશે.
- ઉપર દર્શાવ્યા મુજબના સ્ટાફ માટે, ભોજન અને કન્ટીજન્સી માટે કરેલ ખર્ચને રજુ કરેલ બીલો અને ચુકવણીના આધારે ઓડિટમાં માન્ય કરવામાં આવશે.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નિયામક સમાજ સુરક્ષા દ્વારા નક્કી કરવામાં આવે તેવી અન્ય તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by:Bhumi L Desai
Section Officer
Date:2026.07.27
11:50:10 +5:30